# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-10-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM GUJARAT VISIT

રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વે સંધ્યાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી નર્મદા જિલ્લાના એકતાનગરની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. શ્રી મોદી આજે 284 કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી આજે 22 કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું લોકાર્પણ અને 75 કરોડ રૂપિયાના ખર્ચે બનનારા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે.

શ્રી મોદી ટ્રાફિક સર્કલ્સ, સ્માર્ટ બસ સ્ટોપ અને પિક-અપ સ્ટેન્ડ, કાર ચાર્જિંગ પોર્ટ, 4 મેગાવોટનો સોલર પ્રોજેક્ટ, ICU ઓન-વ્હીલ્સનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરશે. 2.58 કરોડ રૂપિયાના ખર્ચે એકતાનગર 3 રસ્તા, ગરૂડેશ્વર ચોક, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કની સામે અને સહકાર ભવન પાસે ટ્રાફિક સર્કલ બનાવવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી આવતીકાલે સવારે સ્ટેચ્યુ ઑફ યુનિટી પર પુષ્પાંજલિ અર્પણ કરશે. તેમજ રાષ્ટ્રીય એકતા દોડની સલામી ઝીલશે.

---

- માહિતી ખાતુ - સુનિતા

-(NAVIN)

# AHMEDABAD METRO TIMING

દિવાળીના તહેવારને જોતા અમદાવાદ મેટ્રોના સમયમાં એક દિવસ માટે ફેરફાર કરાયો છે. આવતીકાલે અમદાવાદ મેટ્રો સવારે 6.20થી સાંજે 7 વાગ્યા સુધી કાર્યરત રહેશે. આવતીકાલે શહેરના દરેક ટર્મિનલ એટલે કે મોટેરા સ્ટેડિયમ, APMC, વસ્ત્રાલ ગામ તેમજ થલતેજથી બંને કોરિડોરમાં છેલ્લી ટ્રેન ઉપડવાનો સમય સાંજે 7 વાગ્યાનો રહેશે. સામાન્ય દિવસોમાં આ સમય 6.20થી રાત્રે 10 વાગ્યાનો છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર મેટ્રો ટ્રેનની સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે.

---

- અખબારી યાદી - સુનિતા -(NAVIN)

# Vav Vidhansabha employee leave

13 નવેમ્બરનાં રોજ યોજાનારી વાવ વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારી પાછો ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે. ગેનીબેન ઠાકોરનાં રાજીનામાથી ખાલી પડેલી આ બેઠક પર કોંગ્રેસ વતી ગુલાબસિંહ રાજપુત અને ભાજપ વતી સ્વરૂપસિંહ ઠાકોરે ઉમેદવારી નોંધાવી છે.

દરમિયાન, શ્રમયોગીઓ અને કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ-૨૦૧૯ હેઠળ આપવામાં આવતી અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો, અઠવાડિક રજા બદલીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતી દરેક વ્યક્તિને મતદાનના દિવસે રજા મંજૂર કરવાની રહેશે. આ રજા માટે કર્મચારીના પગારમાંથી કોઇ પણ પ્રકારની કપાત કરવાની રહેશે નહિ, તેમ રાજ્યના શ્રમ આયુક્તની અખબારી યાદીમાં જણાવાયું છે.

---

- -માહિતી ખાતુ અનિલ

-(NAVIN)

# Salangpur Temple Amit Shah Visit

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આવતી કાલે સાળંગપુરના પ્રસિધ્ધ કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે સવારે 9-30 કલાકે શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનનું ઉદઘાટન કરશે. 200 કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલા આ ભવનમાં અત્યાધુનિક સુવિધા ધરાવતા 1100 રૂમ બનાવવામાં આવ્યા છે. દિવાળીનાં પ્રસંગે યાત્રિક ભવન સહિત સમગ્ર મંદિરને સજાવવામાં આવ્યું છે. આવતી કાલે કાળી ચૌદશ નિમિતે વિશેષ મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. હવન માટે યજ્ઞ શાળા તૈયાર કરવાની કામગીરી પુરજોશમાં ચાલુ છે.

દરમિયાન, દિવાળીનાં પર્વ પ્રસંગે દેશ વિદેશથી મોટી સંખ્યામાં ભાવિકો દર્શન માટે આવી રહ્યા છે. આજે શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને ચલણી નોટોનાં શણગાર કરવામાં આવ્યા છે.

-----------------------------------------------------------------------

- -પીટીસી બોટાદ

અનિલ પટેલ -(NAVIN)

# MAHISAGAR COLLECTOR

મહિસાગર જિલ્લાના કલેક્ટર નેહા કુમારીએ આજે પત્રકાર પરિષદને સંબોધતા વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીના આરોપોને ફગાવી દીધા હતા. તેમણે ઉમેર્યું કે જિજ્ઞેશ મેવાણી જે ફરિયાદીને આગળ ધરીને વાત કરી રહ્યા છે તેમની સામે અનેક ગુના નોંધાયેલા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે આ અરજદાર અનેકવાર વિવિધ કચેરીઓની ફરિયાદો લઈને આવતા હોય છે, જે સાંભળવામાં આવે છે. 23 તારીખે યોજાયેલા સ્વાગત કાર્યક્રમમાં વિજય પરમાર પોલીસ કર્મચારીઓ સામે ફરિયાદ દાખલ કરવા માટે દબાણ કરતા હતા. કલેક્ટરે જણાવ્યું કે તેમણે આ બાબતે શાંતિપૂર્વક ફરિયાદને સમજાવ્યું આમ છતાં તેમણે ઉદ્ધતાઈ પૂર્વક વર્તન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ ગઈકાલે અમદાવાદમાં એક પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં તેમણે મહિસાગરના લુણાવાડા ખાતે આયોજીત તાલુકા સ્વાગત કાર્યક્રમમાં એક યુવાન સાથે ગેરવર્ણતૂંક કરાઈ હોવાનો આરોપ મૂક્યો હતો.

-------------------------------------------------------------------

- પીટીસી મહિસાગર – સુનિતા -(NAVIN)

# GAUMATA POSHAN YOJANA

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત વધુ 16 ગૌશાળા-પાંજરાપોળના 26 હજારથી વધુ પશુઓ માટે 7.13 કરોડ રૂપિયાની સહાય ચૂકવાઈ છે. ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની બેઠકમાં વર્ષ 2024-25ના પ્રથમ તબક્કા એટલે કે એપ્રિલ 2024થી જૂન 2024 માટે રાજ્યની વધુ 16 ગૌશાળા તેમજ પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા તેમજ પાંજરાપોળના અંદાજે 26 હજારથી વધુ પશુઓને તેનો લાભ થશે.

ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત 2024 -25ના પ્રથમ તબક્કામાં અત્યાર સુધીમાં કુલ 1491 ગૌશાળા- પાંજરાપોળના 4 લાખ 40 હજારથી વધુ **પશુઓના નિભાવ માટે 120 કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવી છે.**

---------------------------------------------------------------------

- માહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# Yog board Yog Shibir

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ડાયાબિટીસ મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ૧૪ નવેમ્બરથી યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ડાયાબિટીસના દર્દીઓ ભાગ લઈ શકે છે.

શિબિરમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આ અભિયાન ગુજરાતના દરેક જિલ્લામાં યોજવામાં આવશે, જેમાં પૂર્વ કચ્છમાં ગાંધીધામ અને પશ્ચિમ કચ્છ જિલ્લામાં ભુજમાં આયોજન કરવામાં આવ્યું છે.

યોગ દ્વારા દરેક દર્દી ડાયાબિટીસ મુક્ત થઈને તેનો શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ થાય તેવો ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો ઉદ્દેશ્ય છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીના અધ્યક્ષસ્થાને 16 નવેમ્બરનાં રોજ ભુજ ખાતે બપોરનાં ત્રણથી સાંજના સાત વાગ્યા દરમિયા યોગ કોર્ડીનેટર, યોગ કોચ, યોગ ટ્રેનર, યોગ સાધકો તથા સામાન્ય જનતા સાથે નૂતન વર્ષના ઉપલક્ષમાં યોગ સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------

- -માહિતી ખાતુ અનિલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................